વડીલોને વંદન અભિનંદન

બળવંતરાય શુક્લ
(૧૯૩૮)મો.૯૮૨૪૬૬૯૬૮

હિંમતનગરમાં લેબર કોર્ટને તાળાબંધી કરવાનો કાર્યક્રમ નિષ્ફળ

ઓલ ગુજરાત લેબર લોઝ પ્રેકટિશનર્સના આદેશથી મંગળવારે હિંમતનગર મજુર અદાલતમાં પ્રેકટિસ કરતા યુનિયનના પ્રતિનિધિઓએ કામકાજ અળગા રહી લેબરકોર્ટને તાળાબંધી કરવાનો કાર્યક્રમ યોજયો હતો. પરંતુ પોલીસને તેમને અટકાવી દીધા હતા.

હિંમતનગર લેબર લોઝ પ્રેકટિશનર્સ એસોસીએશનના પ્રમુખ ડી.આર.જાદવ અને મહામંત્રી મણીલાલ પટેલના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકારની મજુર વિરોધી નીતિઓને કારણે મજુરો અસલામતીનો ભોગ બની રહ્યા છે. બીજી તરફ લેબર લોઝ પ્રેકટિશનર્સના કેટલાક પ્રૌ અંગે હાઇકોર્ટમાં રીટ કરાઇ હોવા છતાં તેનું સંતોષકારક પરિણામ મળતુ નથી. જેથી મંગળવારે તાળાબંધીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રમુખ, મહામંત્રી, ઉપપ્રમુખ તુલસીભાઇ રાઠોડ, ખજાનચી કિરણભાઇ રાવલ, પી.સી.પટેલ વગેરેએ રેલી કાઢી સૂત્રોચ્ચાર સાથે લેબર કોર્ટને તાળાબંધી કરવા જતા હતા ત્યારે પોલીસે તેમને અટકાવી દીધા હતા.

સાબરડેરી પાસેથી પાસ પરમીટ વગર લઇ જવાતા ત્રણ પશુઓ બચાવાયા

હિંમતનગર સાબરડેરી નજીકથી મંગળવારે છોટાહાથી નં.જીજે.૯.ઝેડ.૪૮૧૯માં રૂા.૧૦ હજારના પશુ ભરી અજાણ્યા શખ્સો તેને મોડાસા તાલુકાના ગાજણ તરફ લઇ જતા હતા. જેથી આ અંગે શ્રીરામ સેવા ગૌ સેવા સંસ્થાના ગૌરક્ષકોએ તેમને અટકાવી પુછપરછ કરી હતી. પરંતુ પશુઓની હેરાફેરી કરવા માટે તેમની પાસે કોઇ પાસ પરમીટ ન હતા તથા પશુઓ માટે પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરાઇ ન હતી.

હુડાના બંધના એલાનમાં ત્રણ ગુનામાં ૮૫૦થી વધુ ટોળા સામે રાયોટીંગનો ગુનો નોંધાયો

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર અને આસપાસના ૧૧ ગામોએ હુડા ના વિરોધમાં આપેલ શહેરમાં સોમવારે બંધના એલાનમાં દેખાવકારોએ ટોળા સ્વરૂપે હિંમતનગર ના મોતીપુરા સર્કલ,સહકારી જીન ,કાંકરોલ ગામ નજીક હાઇવે માર્ગ પર પત્થરો મૂકી રસ્તા રોકી ,ટાયરો સળગાવી અને તે અટકાવવા જતા દેખાવકારોએ પત્થરમારો કરી નુકશાન કર્યું હતું ઉપરાંત હડીયોલ બસ સ્ટેન્ડ પાસે એસટી બસના કાચ તોડી અને દરવાજો તોડી નુકશાન કરી રોડ વચ્ચે આડી મૂકી દેતા હિંમતનગર એડીવીઝન પોલીસ મથકે સોમવારે મોડી રાત્રે ૮૫૦ થી વધુ દેખાવકારોના ટોળા સામે રાયોટીંગનો ગુનો નોધાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરમાં સોમવારે આપેલ બંધના એલાન પગલે ૧૪૪ ની કલમ લાગવવામાં આવી હતી.અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો.દરમિયાન સવારે કાંકરોલ ગામ નજીક નેશનલ હાઇવે ૮ પર હુડાના વિરોધ કરતા દેખાવકારો રોડ ટાયર સળગાવ્યા હતા અને રોડ પર જઈ રહેલ સ્વીફ્ટ કાર જીજે.૧.ડીયુ.૨૭૫૩ ને રોકી ચાલકને નીચે ઉતારી દઈ ઉંધી પાડી કાચ તોડી નાખ્યા હતા અને દેખાવકારોના જે ટોળાએ રસ્તા પર પથ્થર મૂકી અવર જવર કરતા વાહનો રોકવા જતા ટોળાને રોકવા પોલીસ આવતા તેની પર પથ્થરમારો કરી ટોળું નાસી ગયું હતું .તો બીજી તરફ હિમતનગર થી ધનસુરા માર્ગ પર આવેલ હડીયોલ ગામના બસ સ્ટેન્ડ પાસે ૨૦૦ દેખાવકારોના ટોળાએ પ્રાંતિજહિમતનગરપ્રાંતિજ એ સટી બસ નંજીજે.૧૮.વાય.૨૨૯૦ ને રોકી તેના કાચ અને દરવાજો તોડી રૂ ૨૦ હજારનું નુકશાન કરી રોડ પર આવતા જતા વાહન વ્યવહાર બે રોકવા રોડ વચ્ચે બસ આડી મૂકી દીધી હતી.જયારે હડીયોલ ગામ તરફ થી સહકારી જીન ચાર રસ્તે હાઈવે રોડ પર થઇ શહેરમાં આવતા ૬૨૧ના દેખાવકારોના ટોળાએ પ્રવેશ કરતા પોલીસે અટકાવી સરકારી વાહનમાં લઇ જવાતા હતા દરમિયાન મોતીપુરા સર્કલ પાસે આ સરકારી વાહનના ચાલક અને ફરજ પરની પોલીસ સાથે જપાજપી કરી ઉતરી ગયા હતા ત્યારે પોલીસે તેમને રોકી રોડ સાઈડે બેસાડેલ જયાંથી આ દેખાવકારોના ટોળાએ શહેર તરફ દોડી ગયા હતા અને રોડ પર આવતા જતા વાહનો રોકી દીધા હતા જેમને અટકાવવા જતા પોલીસ કર્મીઓ પર પથ્થર મારો કરીને કલમ ૧૪૪ નો ભંગ કર્યો હતો.આમ બંધ દરમિયાન બનેલ ત્રણ અલગ અલગ બનાવ અંગે હિમતનગર એડીવીઝન પોલીસ મથકે ૮૫૦ થી વધુના દેખાવકારોના ટોળા વિરુદ્ધ રાયોટીંગનો ગુનો સોમવારે મોડી રાત્રે નોધાયો હતો.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આગામી સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપની ભૂંડી હાર નક્કી છે : બાપુ

કોંગ્રેસનું પાલનપુરમાં કોંગ્રેસ પ્રભારીની હાજરીમાં વિશાળ સંમેલન યોજાયું

પાલનપુર, તા. ૨૩

પાલનપુરમાં આજે કોંગ્રેસ પ્રભારી ગુરૂદાસ કામતની હાજરીમાં વિશાળ સભા યોજાઈ હતી. ગુજરાતની પ્રજાએ ભાજપને ઓળખી કાઢી છે. ફક્ત ઠાલા વચનો આપી ગુજરાતની ભોળી પ્રજાને ભાજપની કેન્દ્રની સરકારે છેતરી છે તેવા આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે પાલપુરમાં વિશાળ જન સભાનું આયોજન કર્યુ હતુ. જેમાં કોંગ્રેસ પ્રભારી ગુરૂદાસ કામત ઉપસ્થિત રહ્યા હતા. સભા પૂર્વે કામતે મા આધ્યશક્તિ અંબાજીના દર્શન કર્યા હતા ત્યારબાદ કેન્દ્રની સરકાર સામે ચાબખા માર્યા હતા.

કામતે જણાવ્યું હતું કે રાજસ્થાનના મુખ્યમંત્રી રાજેના પુત્રના ઘરેથી એમ્ફોર્સમેન્ટ દ્વારા રેડ પાડવામાં આવી હતી. જેમાં બે નંબરના નાણા મળી આવ્યા હતા. ત્યારે ઈમાનદારીનો દાવો ઠોકતા પ્રધાનમંત્રીનું મોઢુ કેમ સિવાય ગયું છે ?

નવ નિયુક્ત પ્રદેશ પ્રમુખ ભરતસિંહે ચૂંટણી સમયે પક્ષ પલટો કરતા લોકોને સાંખી લેવાશે નહિ તેમજ જૂથવાદને નાશ કરવા જણાવ્યું હતું. વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ બાપુએ ભાજપની ભૂંડી હાર નક્કી છે તેમ જણાવતા કહ્યું હતું કે મારા ઘરે આઈ.ટી.ની રેડ પાડવામાં આવી પરંતુ પાંદડુય મળ્યુ નથી. ત્યારે સરકારે પરિણામ ભોગવવું પડશે.

કાર્યક્રમમાં સિદ્ધાર્થ પટેલ, ધારાસભ્યો મહેશભાઈ પટેલ, મણીલાલ વાઘેલા, જોઈતારામ પટેલ, ગોવાભાઈ રબારી, અશ્વિન બારોટ, નરેશ રાવલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

જેડબલ્યુએ આ વર્ષે પર્યાવરણ દિવસની ઉજવણી નાગરિકોને એક સંવેદનશીલ સંદેશ 'ગુમ થયેલ છે કે આપણે તેમને હાંકી કઢાયા છે'

જેડબલ્યુ લકઝરી લાઈફ સ્ટાઈલ રિટેઈલ ચેઈન સ્ટોર જે પુરૂષોની જીવનશૈલીનાં પોશાકોને ઊંડાણ અને વિસ્તૃત રીતે જાણે છે, તેમણે શહેરમાં વિવિધ સ્થળોએ 'ગુમ થયેલ છે કે આપણે તેમને હાંકી કઢાયા છે' તેવા સાઈન બોર્ડ લગાવેલ છે. જે દ્વારા જેડબલ્યુ સામાન્ય માનવીને સ્મરણ કરાવવા માંગે છે કે આ જ પક્ષીઓ તથા પ્રાણીઓ એક દિવસ આપણી સૃષ્ટિનાં ભાગ હતા જેમને હવે આપણે ક્યારેક જ જોઈ શકીએ છીએ એટલે કે દુર્લભ બની ગયા છે. આપણે પહેલેથી જ પર્યાવરણીય અવનતિ અને ગ્લોબલ વોર્મિંગની અસરોનો સામનો કરી રહ્યાં છીએ. આ સંદેશને જેડબલ્યુએ વધુ સંવેદનશીલ અને જદ રીતે આ સાઈનબોર્ડ દ્વારા રજુ કરેલ છે. જેડબલ્યુએ પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે સતત ૯માં વર્ષે પોતાના ૧૯ સ્ટોર તથા પ્રખ્યાત બગીચાઓ અને શહેરની જાણીતી ક્લબોમાં પણ મફતમાં રોપા આપી ૫ જૂન, ૨૦૧૫ના રોજ પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. જેડબલ્યુ એ દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્યાવરણ દિવસની ઉજવણી નાગરિકોને એક સંવેદનશીલ સંદેશ 'ગુમ થયેલ છે કે આપણે તેમને હાંકી કઢાયા છે' આપીને કરી. ગુમ થયેલ છે કે આપણે તેમને હાંકી કઢાયા છે ? - પક્ષીઓ અને ખિસકોલી જેવી સામાન્ય પ્રાણી સૃષ્ટિ દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે આજના મનુષ્યને વિચાર કરવા મજબુર કરી દે તેવો સંદેશ.

મોજમસ્તી તમારી વાટ જોઈ રહી છે : ધ સેરાઈ ખાતે ચમત્કારી મોન્સૂનનો આસ્વાદ કરવા માટે તમારી બેગો પેક કરો

આ મોન્સૂનમાં હવાફેર માટે ધ સેરાઈ જવાનું જરૂર વિચારજો. જ્યાં તમારી હોલીડેને વધુ વિશેષ બનાવવા માટે અજોડ ઓફરો રજુ કરવામાં આવી છે. તો તમારી દુનિયાદારીની ચિંતાઓને પાછળ છોડી દો અને લક્ઝુરિયસ એમેનિટીઝથી સમૃદ્ધ તમારા રૂમમાં આરામથી નૈસર્ગિક નજારો માણવા સાથે બેજોડ લકઝરીના સાંનિધ્યમાં ડુબકીઓ લગાવો. આ મોન્સૂનમાં ધ સેરાઈ તમને હવાફેર અને કાયાકલ્પ સાથે બેજોડ અનુભવ કરવા માટે આમંત્રણ આપે છે. દરેક સ્ટેને અંતે ધ સેરાઈ પાસેથી કોમ્પ્લિમેન્ટસ્ સાથે વધારાનું નાઈટ સ્ટે તમને ઓફર કરાય છે.

ધ સેરાઈ ચિકમગલુર કે ધ સેરાઈ કાબિની - ધ સેરાઈ ખાતે ૧૦મી જૂનથી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ વચ્ચે ગમે ત્યારે તમારૂ સ્ટે બુક કરો અને તમે બુક કરેલી દરેક બે નાઈટ માટે વધારાની નાઈટ્સ સ્ટે કોમ્પ્લિમેન્ટરી મેળવો. ધ સેરાઈ બંદીપુર તમે બુક કરેલી દરેક નાઈટ માટે એક નાઈટ કોમ્પ્લિમેન્ટરી સ્ટે આપે છે.

મોબાઈલ ફોન અને ટેબલેટ્સને ચોરી, નુકશાન, વાયરસ સામે સંપૂર્ણ સુરક્ષા આપતું એપ્સડેઈલીનું 'મોબાઈલ પ્રોટેક્શન'

ભારતની અગ્રણી મોબાઈલ એપ્લીકેશન ડેવલપમેન્ટ અને ડીસ્ટ્રીયુશન કંપની એપ્સડેઈલી સોલ્યુશન્સ પ્રા.લી.એ 'મોબાઈલ પ્રોટેક્શન' ઓફર કર્યુ છે જે સ્માર્ટફોન અને ટેબલેટને ચોરી, નુકશાન, વાયરસ સામે સંપૂર્ણ સીક્યુરીટી સોલ્યુશન્સ પૂરા પાડે છે. આમાં એન્ટી-થેફ્ટ ફીચર છે કે જેથી વપરાશકાર તેનો ગુમાયેલો કે ચોરાયેલો ફોન જીપીએસ ટ્રેકિંગ દ્વારા શોધી શકે છે અને ફોન પરની પ્રવૃત્તિઓનું રીમોટથી મોનીટરીંગ કરી શકે છે. તેનું એન્ટી વાયરસ ફીચર જે છે તે નુકશાનકારક વાયરસ અને દુષ્ટ સોફ્ટવેર સામે ફોનનું રક્ષણ કરે છે. આની સાથે નિઃશુલ્ક વીમાની જોગવાઈ છે જે ચોરી, લૂંટ, ફીઝીકલ અને લીકવીડ નુકશાન સામે ગ્રાહકના મોબાઈલ ફોનને રક્ષણ હેઠળ આવરી લે છે. આજે મોબાઈલ ફોન સંદેશા વ્યવહારના સાધનથી આગળ વધી અસ્તિત્વનું માધ્યમ બની ચૂકેલ છે. ટેકનોલોજીમાં સતત નવી શોધથી અને તેની જોડે સંકળાયેલા ડેટા થકી લોકો ઓનલાઈન જિંદગી જીવતા થઈ ગયા છે. આ સંદર્ભમાં માત્ર મોબાઈલ ધારકના સંપર્ક નંબરો જ નહીં પણ તેના ઈ-મેઈલ આઈડી, ફોટોગ્રાફ,સંદેશા, વોટ્સઅપ વાતચીત, બેન્કખાતાની વિગતો, ટ્રાવેલ ટિકિટ અને અન્ય ભરોસાપાત્ર માહિતી મોબાઈલ ફોનમાં હોય છે. એપ્સડેઈલી ૨૦૦૯માં શરૂ થયું ત્યારથી મોબાઈલનું ચિત્ર જ નાટ્યાત્મક રીતે બદલાઈ ગયું છે. એમ એપ્સડેઈલીના સ્થાપક અને સીઈઓ અરૂણ મેનને જણાવ્યું હતું.

ટાઈલ્સ ખખડે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેના અંતે ફુટપાથના બાકીના કામોને પણ વિભાગ કક્ષાએથી મંજુરી અપાતા કામ હાથ ધરવામાં આવ્યુ હતું શહેરના ગ માર્ગ પર થોડા સમય અગાઉ જ ફુટપાથનું નિર્માણ કરવામાં આવ્યુ છે.જયારે હાલ મોટાભાગની ટાઈલ્સ તુટેલી હાલતમાં છે.ફુટપાથની ટાઈલ્સોમાં તિરાડો પડી ગઈ છે.જયારે વોકિંગ દરમિયાન વોક વે ની ટાઈલ્સો ખખડતા મોર્નિંગ વોક કરતા નાગરિકો પણ તંત્રની આ ભ્રષ્ટ નિતિ સામે રોષે ભરાયા છે.ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.ત્યારે પ્રજાલક્ષી કામોમાં ભ્રષ્ટાચાર થતા આમ નાગરિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.ગ માર્ગની ફુટપાથ જાણે તંત્રના ભ્રષ્ટ વહિવટના નમુનારૂપ હોવાનું ચિત્ર ઉપસી આવ્યુ છે. આ મામલે ત્વરિત અસરથી યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

વરસાદની હાથતાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા ઘણા દિવસોથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો વરસાદમાં ભીંજાય છે. ઘણા વિસ્તારોમાં તો ૩ થી ૫ ઈંચ જેટલો વરસાદ દરરોજ વરસે છે. હવામાન ખાતું પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી રહ્યું છે. વરસાદ અંગેના સમાચારો સાંભળીને અને વાંચીને ગાંધીનગરના વસાહતી મનોમન એવી આશા રાખીને બેઠા છે કે એકાદ-બે દિવસમાં જ હવે મેઘરાજા ગાંધીનગર પર ઓળઘોળ થશે. છેલ્લા બે દિવસથી શહેરના આકાશ પર ઘટાટોપ વાળો છવાયેલા છે. ગઈ કાલે સાંજે શહેરમાં કેટલાક સ્થળોએ છાંટા પડયા હતા. બફારાના કારણે અગાસી પર સુઈ રહેલા વસાહતીઓ રાત્રી દરમિયાન બે થી ત્રણ વાર પડેલા છાંટાઓના કારણે ઉંઘમાંથી જાગી ગયા હતા. જો કે વરસાદ ન વરસતા બફારાના કારણે ઘણાની ઉંઘ બગડી હતી. આજે પણ આખો દિવસ આકાશ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું. હમણાં જ વરસાદ પડશે તેવું વાતાવરણ બંધાયું હુતં. ભેજનું પ્રમાણ વધતા બફારો વધ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા વસાહતીઓ હવે અધીરા બન્યા છે. બફારાથી ત્રસ્ત શહેરીજનો ધોધમાર વરસાદ વરસે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. પ્રથમ વરસાદમાં ભીંજાવા અને દાળવડા, ગોટા ખાઈને વરસાદને મન ભરીને માણવા ઈચ્છતા યુવાનો ચોમાસુ કયાં પહોંચ્યું તેના અપડેટ સતત મેળવી રહ્યા છે. શહેરમાં મંગળવારની સાંજે આકાશમાં વાદળો વધુ ઘેરાયા હતા અને કયાંક કયાંક છાંટા પણ પડયા હતા. અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ ડિપ્રેશનના કારણે મુંબઈ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ શરુ થઈ ચુકયો છે. મધ્ય ગુજરાતના ચરોતરના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થયો હોવાના સમાચારો પ્રાપ્ત થયા છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રમાં, કચ્છ અને દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પણ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના બંદરો પર ભયસુચક સિગ્નલો લગાવવામાં આવ્યા છે. ભારે વરસાદની આગાહીને પગલે ગાંધીનગરમાં રાહત કમિશનરશ્રીએ તાકીદની બેઠક બોલાવી ભારે વરસાદ પુરની સ્થિતિ અંગે અને આગામી રણનિતી અંગે ચર્ચા કરી હતી.

જાહેર સાહસોમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડીયા, રાષ્ટ્રીય કેમીકલ્સ સ્ટીલ ઓથોરીટ ઓફ ઈન્ડીયાના અધિકારીઓએ આ અંગે તેમની ઉપલી ઓથોરીટી સમક્ષ રજુઆત કશે તેવી ખાત્રી આપી છે.

તેમણે જણાવ્યું હતું કે તાતા પાવર, અદાણી પાવર, કડવાણી ફોર્જીંગ સેરામીકસ જેવી કંપનીઓમાં માત્ર ૬૫ થી ૭૦ ટકા જ સ્થાનિકોને રોજગારી આપવામાં આવી છે. આ એકમોને ૮૫ ટકાના નિય મુજબ રોજગાર આપવા સૂચવાયું છે. ઉદ્યોગોમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી મળી રહે તે માટે કંપનીઓનું ચેકીંગ અને મોનીટરીંગ કરવાની દિશામાં પણ કાર્યવાહી આગામી દિવસોમાં કરવામાં આવશે.

અજગરી ભરડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃક્ષને ખોખલુ બનાવી દે છે જેથી વૃક્ષ સંજોગોઆધિન ધરાશાયી કે સુકાઈ જાય છે. મજબૂત થડ અને ઉંડા મુળીયા ધરાવતા વૃક્ષો પણ ઉધઈના આ જીવલેણ હુમલામાં ટકી શકતા નથી. આ અંગેના એક વ્યક્તિગત સર્વે મુજબ દસ વૃક્ષે એક વૃક્ષને ઉધઈ લાગેલી છે.

સરકાર તથા વિવિધ સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન થતુ રહે છે જે પ્રસંશનીય છે પરંતુ હયાત અને પરિપક્વ બનેલા ઘટાટોપ વૃક્ષો પ્રત્યે ઘોર બેદરકારી રખાઈ રહી છે. નવા છોડ રોપવા કરતાં હયાત વૃક્ષોની માવજત હાલના સંજોગોમાં અનિવાર્ય બની છે. વૃક્ષારોપણ પછી ન રખાતી દરકાર જ વૃક્ષોના પતન માટે જવાબદાર બની છે. જેથી નગરમાં હાલ હયાત વૃક્ષોની જવાબદારી સોંપી તેના જતન માટે યોગ્ય પગલાં લેવાય તે ઈચ્છનીય બન્યુંછે. અન્યથા ઉધઈ તથા અન્ય રોગો થકી વૃક્ષોનો નાશ થતો જશે અને તે પર્યાવરણ માટે ગંભીર ખતરો પેદા કરશે. વધુમાં હરીયાળા નગર તરીકેની ખ્યાતિ પણ ભુંસાઈ જશે. જેથી નગરની ઓળખસમા વૃક્ષો માટે રાજ્ય સરકાર, સંસ્થાઓ તથા નાગરીકો પોતાની ફરજ સમજી માવજત શરૂ કરે તેવી માંગ વૃક્ષપ્રેમીઓએ કરી છે.

સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યો હતો. રાષ્ટ્રીય સ્તરે પણ તેણે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ૬૦૦ કોલેજના આશરે ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓમાં નવમું સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગર શહેર તથા બી.પી. કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશનનું નામ રોશન કર્યું હતું. નિખિલના દૃઢ નિશ્ચય, કઠોર પરિશ્રમ અને કૌશલ્યના પ્રતાપે તેણે આ સ્થાન મેળવ્યું હતું. આ સફળતા સાથે નિખિલે પિતા પ્રકાશભાઈ અને માતા ગીતાબેનનું મસ્તક ગૌરવથી ઉન્નત કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છેકે ગત વર્ષે પણ બીબીએ કોલેજના વિદ્યાર્થી જય સુથારે સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે બંને વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે એમ.બી.એ.ની ફી માફ કરી તેમને શુભેચ્છા પાઠવી હતી. બંને વિદ્યાર્થીઓએ તેમની સફળતાનો શ્રેય કોલેજના અધ્યાપક ગણના સતત પ્રોત્સાહનને આપ્યો હતો.

ખેડબ્રહ્મામાં વાસણા રોડની સોસાયટીના રહીશો વરસાદી પાણીના ભરાવાથી પરેશાન

સોસાયટીના રહીશોને રસ્તા ઉપરથી પસાર થતાં દોજખનો અનુભવ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર આવેલી સોસાયટીના રહીશો હનુમાનજી મંદિર પાસે ભરાતા વરસાદી પાણીના કારણે હેરાન-પરેશાન છે. છેલ્લા ઘણા વર્ષોથી લોકો દોજખનો અનુભવ કરી રહ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે પાલિકામાં વારંવાર રજુઆતો કરવા છતાં પાલિકાના પેટનું પાણી હાલતુ નથી. આ વરસાદી પાણીનો સત્વરે નિકાલ કરવામાં નહી આવે તો ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાની સોસાયટીના રહીશોએ ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપરના રહીશો સંજયસિંહ એન. સોલંકી, નિકુલભાઈ જોષી, બાબુભાઈ પ્રજાપતી તથા દેવીસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્માના વાસણા રોડ ઉપર હનુમાનજી મંદિર પાસે ચોમાસાનું વરસાદી પાણીનો ભરાવો થાય છે અને તળાવ ભરાયુ હોય તેવુ લાગે છે. આ વરસાદી પાણીના ભરાવાથી આ રોડ ઉપર આવેલી જય અંબે, ગાયત્રી, સાંઈનાથ, જલારામ, સાંઈવીલા અને હીરાગંગા સહીતની સોસાયટીના હજારો રહીશો હેરાન પરેશાન થઈ રહ્યા છે. આ વરસાદી પાણીમાંથી પસાર થતાં લોકો દોજખનો અનુભવ કરી રહ્યા છે. તેમાં મહીલાઓ, વરીષ્ઠ નાગરીકો તથા બાળકોને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. બાઈક સવારો પડી જતાં ઈજા પહોંચવાના બનાવો રોજના બની ગયા છે. પાલિકામાં આ વરસાદી પાણીના નિકાલ માટે વારંવાર રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. ખેડબ્રહ્માના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગામડાં વાસણા, રૂદ્રમાળા, નીચીધનાલ અને કંપાના રહીશો આ રસ્તાનો ઉપયોગ કરતા હોઈ તેઓ પણ રોજબરોજ હેરાન-પરેશાન થઈ રહ્યા છે. આ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવામાં નહી આવે તો રહીશોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરવાની ચીમકી ઉચ્ચારી છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

મોડાસાના ટીંટોઈ નજીક ટ્રકે બસને અડફેટે લેતાં અકસ્માત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ટીંટોઈ ગામની નજીક ટ્રકે આગળ જઈ રહેલી બસને ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો હતો. બસના ચાલક-કંડકટરની અને ૫૦થી વધારે મુસાફરોનો બચાવ થયો હતો. મોડાસા રૂરલ પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ નજીક આજે સવારે ૯.૩૦ કલાકે ટ્રક અને બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાયડ ડેપોની બસ (નં. જીજે ૧૮ વાય ૮૦૬૨)નો ડ્રાઈવર જયદિપસિંહ ભવાનસિંહ ચંપાવત (રહે. ટીંટોઈ) વિજયનગરથી કપડવંજ તરફ જઈ રહ્યા હતા ત્યારે ટીંટોઈ ગામની નજીક પાછળથી આવી રહેલા ટ્રક-કન્ટેનેર (ગાડી નં. આરજે ૧૪-જીબી ૭૨૫૧)ના ચાલકે ગફલતભરી રીતે પૂરઝડપે ચલાવી આગળ જઈ રહેલી બસને ઓવરટેક કરવા જતાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બસને ડ્રાયવર બાજુએ ટક્કર મારી અકસ્માત સર્જી ટ્રક રોડ પર આવેલી ચોકડીમાં ખાબક્યો હતો. અચાનક બસને ટક્કર વાગતા બસમાં મુસાફરી કરી રહેલા મુસાફરોએ બુમાબુમ કરી મુકી હતી. સદનસીબે બસમાં મુસાફરી કરી રહેલા ૫૦ થી વધારે પેસેન્જરોનો અનેબસના ડ્રાઈવર-કંડકટરનો આબાદ બચાવ થયો હતો. જ્યારે ટ્રકનો ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ જતાં બાયડ ડેપોના ડ્રાઈવર જયદિપસિંહે ટ્રકના ચાલક વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ ફરાર ટ્રકચાલકને ઝડપી રપાડવા કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

ધોધમાર વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાત ઈંચ વરસાદ જુદા-જુદા વિસ્તારમાં થવાના પરિણામ સ્વરૂપે જનજીવન ખોરવાઈ ગયું હતું. સુરેન્દ્રનગરમાં જોરદાર વરસાદ થયો છે. ભરૂચમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭ ઈંચથી વધુ વરસાદ થઈ ચુક્યો છે. ઉત્તરપૂર્વીય અરેબિયન દરિયા ઉપર ડિપડિપ્રેશનની સ્થિતિ સર્જાઈ છે જે દક્ષિણ ગુજરાતમાં દરિયાકાંઠેથી પસાર થાય તેવી શક્યતા છે. આની સીધી અસર જોવા મળશે. ડિપ્રેશન દિવથી ૫૦-૬૦ કિલોમીટરના અંતરે સ્થિત હોય તેવું જાણવા મળેલ છે. જેના કારણે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં ભારે વરસાદ થઈ શકે છે.

ગ્રામસભા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાકીદારોની યાદી ગ્રામસભામાં વંચાણે લેવા જણાવ્યું છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અભિયાનનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે. ૧લી જુલાઈથી ૧૦મી જુલાઈ સુધીમાં આ અભિયાન સંપન્ન કરી દેવામાં આવશે. ગ્રામસભાનો સમય બપોરે ૧૧ થી પનો નિયત કરવામાં આવ્યો છે. રોજની સરેરાશ ૩૦થી વધુ ગ્રામસભાઓ થશે. આ ગ્રામસભામાં ગૌચરની સમસ્યાને ધ્યાને રાખી દરેક ગામે વન અધિકાર સમિતિની રચના કરવામાં આવશે. આ ઉપરાંત બી.પી.એલ. પરિવારમાં થયેલ વધ ઘટને અંતે આખરી સ્થિતિ રજુ કરવામાં આવશે.

પહેલી વાર આ ગ્રામસભા દરમિયાન છેલ્લા પાંચ વર્ષમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓનું પણ વાંચન કરવામાં આવનાર છે. ચોમાસાના દિવસો હોવાને કારણે ગ્રામસભા ૧૧ વાગ્યાથી પાંચ વાગ્યાની સમય મર્યાદામાં યોજાય તે પણ જોવામાં આવશે. આ અભિયાન મહત્વનું એટલા માટે બની રહેશે કે હક્કપત્રક અને મિલ્કતમાં ફેરફારની નોંધ દર્શાવતા નમૂના-૬નું વાંચન પણ કરવામાં આવશે આ ઉપરાંત ગામના પ્રશ્નો અને પડતર પશ્નો છે તે વિશે પણ ચર્ચાઓ કરવામાં આવનાર છે.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ
બ્લોક નં. ૧૮, ૯મો માળ, ઉદ્યોગ ભવ